ગાંધીનગર સમાચાર
તા. ૨૭-૧૨-૨૦૧૩, શુક્રવાર

તંત્રી સ્થાનેથી....

ઘણું જીવો ગુજરાતી

ગુજરાતી સાહિત્ય પાસે વિશ્વસ્તરની મહાન કૃતિઓ છે અને વર્તમાન સમયમાં પણ અખિલ ભારતીય સ્તરે બલકે આંતરરાષ્ટ્રીય સાહિત્યક્ષેત્રે ટકી શકે એવા મોટા ગજાના સર્જકો છે, પરંતુ ગુજરાતી પ્રજા અને ભાષા અને સાહિત્ય પ્રત્યે ખૂબ જ ઉદાસીન છે. તેથી ગુજરાતી સાહિત્ય પરિષદ જેવી એકસો સાત વર્ષ જૂની સંસ્થા વિશે સામાન્ય ગુજરાતી નાગરિક બહુ ઓછી જાણકારી ધરાવે છે. તાજેતરમાં તા. ૨૪ ડિસેમ્બરથી તા. ૨૬ ડિસેમ્બર દરમિયાન આ પ્રશિષ્ટ સાહિત્યિક સંસ્થાનું સુડતાળીસમું અધિવેશન આણંદ ખાતે સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટના આમંત્રણથી ત્યાંની એન.એસ. પટેલ આર્ટસ કોલેજ ખાતે યોજાઈ ગયું. તેની લેવાવી જોઈએ તેવી નોંધ નથી લેવાઈ. મહારાષ્ટ્રમાં ત્યાંની સાહિત્ય પરિષદનું અધિવેશન યોજાય છે તે દિવસે સરકાર રજા જાહેર કરતી હોય છે જેથી પ્રજાજનો પોતાની ભાષાના સાહિત્યકારોને પ્રત્યક્ષ નિહાળી તથા સાંભળી શખે. એ મુદ્દે આપણે ગુજરાતીઓ ઘણા ગરીબ છીએ. બંગાળમાં દીકરીને સાસરિયે વળાવતાં પેટી ભરીને પુસ્તકો અપાય છે. મલયાલમ અને તમિળ જેવી દ્રવિડ કુળની ભાષાઓ પ્રત્યે ત્યાંના આમ આદમીને ભઆરે મમત્વ છે. પરંતુ ગુજરાતી આ બાબતમાં કમનસીબ ભાષા છે. ગુણવંત શાહ જેવા વિચારશીલ લેખકોને એનું ભવિષ્ય ધૂંધળું લાગવા માંડ્યું છે, ભલે પછી વર્ષા અડાલજા જેવાં લોકપ્રિય લેખિકા એ મુદ્દે સામા છેડાનો અભિપ્રાય ધરાવતાં હોય. ગુજરાતી સાહિત્યની અમર કૃતિ 'સરસ્વતીચંદ્ર'ની આજના ફિલ્મી જગતે જે દુર્દશા કરી મૂકી છે તે જોઈને કોઈપણ ગુજરાતીને ગુસ્સો આવવો જોઈતો હતો. પરંતુ સંજય લીલા ભણસાળીના પેન્ટસૂટધારી સરસ્વતી ચંદ્રને કે અશ્લીલ હરકતો કરતી નાયિકાને જોઈને કોઈએ એવો ઊહાપોહ નથી કર્યો. જે થોડીક ચણભણ સંભળાઈ તે 'નિરીક્ષક' જેવા વિચારપત્રમાં કે રઘુવીર ચૌધરીના નિવેદનમાં સમેટાઈ ગઈ. ગુજરાતી સાહિત્ય પરિષદ પણ એની સાંસ્કૃતિક અને પ્રાદેશિક અસ્મિતા પરત્વે ઉદાસીન રહેતી આવી છે, તે બાબત નોંધવી જ રહી. સંસ્થા જયારે એક સ્થાપિત હિતમાં ફેરવાઈ જાય છે ત્યારે એની સર્વગ્રાહિતા ગુમાવી બેસતી હોય છે. ગુજરાતી સાહિત્ય પરિષદના પહેલા પ્રમુખ ગોવર્ધનરામ ત્રિપાઠીને કે એના સંસ્થાપક રણજિતરામ વાવાભાઈ મહેતાને સ્વપ્રે પણ ખ્યાલ નહીં હોય કે એમણે શરૂ કરેલી સંસ્થા કાળક્રમે સાહિત્યક્ષેત્રે સક્રિય એવા મૂઠીભર અધિયાપકોની જાગર બની જશે. કયારેક મહાત્મા ગાંધી જેવા રાષ્ટ્રીય લોકનેતાએ સાહિત્ય પરિષદનું પ્રમુખ પદ શોભવેલું છે. એકાદવાર એ હરગોવિંદ કાંટાવાળા સામે હારેલા પણ ખરા. પરંતુ પછીના સમયગાળામાં મુનશીનું એક હથ્થું રજવાડું બની રહેલી સાહિત્ય પરિષદ ઉમાશંકર જોશી જેવા યુવાનોએ બળવો કરીને ખૂંચવી જરૂર લીધી પરંતુ એથી એના રજવાડાના રખેવાળ બદલાયા એટલું જ. મુનશીની જાગીર મટી ગયા પછી એ 'ગુજરાતી સાહિત્ય પરિષદ' કહેવાતી રહી પરંતુ સમગ્રપણે ગુજરાતના સાહિત્યકારો અને પ્રજાને કયારેય પોતાની સાથે સાંકળી નથી શકી, તે હકીકત ભારે વિષાદપ્રેરક છે. વળી આટલી જૂની અને જાણીતી સાહિત્ય સંસ્થા સામે કોઈ બીજી સંસ્થા પણ ઊભી ન થઈ શકી. માધવસિંહ સોલંકીએ સાહિત્ય ક્ષેત્રને સમગ્રપણે આવરી લેતી સરકારી સાહિત્ય અકાદમી બનાવી તેનો ઉમાશંકર જોશી વગેરેએ એ સ્વાયત્ત નહીં હોવાના મુદ્દે વિરોધ કર્યો હતો. પછી જયારે એ સ્વાયત્ત બની ત્યારે એનું સ્વતંત્ર અસ્તિત્વ જ ગુમાવી બેઠી. એ ગુજરાતી સાહિત્ય પરિષદની બી-ટીમ બનીને રહી ગઈ.

ગુજરાતીઓ માટે આ વિષય કયારેય ધ્યાન આપવા લાયક નથી રહ્યો કારણ કે એમને ચોપડી કરતાં વધારે રસ ચોપડાઓમાં રહ્યો છે. તેથી સાહિત્યક્ષેત્રે સક્રિય ઊંચા ગજાનો સર્જક હાંસિયે ધકેલાતો રહ્યો છે અને છાપાંની પૂર્તિઓમાં છપાતા મધ્યમકક્ષાના કલમઘસુ લહિયાઓને પ્રજા સાહિત્યકાર માની બેઠી છે. સરવાળે આ પરિસ્થિતિ ભાષા, સાહિત્ય અને પ્રજાની અસ્મિતાને હાનિકારક જ નીવડવાની છે, જેના ભણકારા છેલ્લા દોઢ-બે દાયકાઓથી ટપોટપ બંધ થવા લાગેલી ગુજરાતી માધ્યમની શાળાઓ મુદ્દે સંભળાવી માંડ્યા હોવા છતાં પ્રજા કે સરકાર એ વિશે લેશ પણ ગંભીરતા દાખવી શકી નથી. આવા વિષમ સંજોગોમાં ગાંધીનગર ખાતે 'કલ્ચરલ ફોરમ'ના યજમાન પદે મળેલ ચુમાલીસમા અધિવેશનના પ્રમુખ સ્થાનેથી જાણીતા ગાંધીવાદી વિચારક શ્રી નારાયણ દેસાઈએ 'ગિરા ગૂર્જરી'ને 'વિશ્વગૂર્જરી'નો દરજ્જો અપાવવા હાકલ કરી હતી. એમણે સાહિત્યને લોકસમુદાય વચ્ચે લઈ જઈ સર્વાશ્લેષી અને સર્વગ્રાહી સ્વરૂપ આપવાની શિખામણ આપી હતી. એવું ખાસ કશું થઈ શક્યું નથી તેની સખેદ નોંધ લેવી પડે છે. ગુજરાતી સાહિત્ય પરિષદ હજી પણ એના સીમિત 'મામકા'ઓની મંડળી બનીને રઘુવીર ચૌધરીની પેટ્રનશિપ હેઠળ ચાલી રહી છે. રાજેન્દ્ર પટેલ જેવા કુશળ વ્યવસ્થાપકને કારણે એના કાર્યક્રમો તો થતા રહે છે પરંતુ તે નારાયણ દેસાઈ કે અદના ગુજારાતીને સંતોષ એવા સર્વાશ્લેષી નથી બની શકયા.

ગુજરાતી સાહિત્ય પરિષદ હવે એવા તબક્કે આવી પૂગી છે કે જો એપ્રજાની સાથે ઘરેબો નહીં કેળવે તો આવનારાં થોડાંક જ વર્ષોમાં સાવ જ એપ્રસ્તુત બની જશે, જે ગુજરાત અને ગુજરાતીઓનું મોટું કમનસીબ હશે. કયારેક ગુજરાતી સર્જક એ ગુજરાતનો સાંસ્કૃતિક દૂત ગણાતો હતો. એને જોવા સાંભળવા લોકો ટોળે વળતા હતા. લોકો ઉમળકાભેર નવાં પુસ્તકોની પ્રતીક્ષા કરતા રહેતા. આજે વાંચન ઘટી ગયું છે. નવી પેઢી કેવળ પ્રગતિ અને વિકાસલક્ષી તથા માહિતીસભર પુસ્તકો વાંચે છે. સર્જનાત્મક સાહિત્ય આજે પણ લખાય છે, પરંતુ એના વાંચકોનો દુકાળ પડ્યો છે. વળી અંગ્રેજીનો પ્રભાવ અને કરિયર લક્ષી જીવનશૈલીને કારણે સાહિત્યનો વિષય અભ્યાસક્રમમાં પણ છેવાડે મુકાઈ ગયો છે. મોટાભાગના સાહિત્યકારો પણ એમનાં સંતાનોને ડૉકટર કે ઈજનેર બનાવવા તલસતા રહે છે. સરસ્વતીના લાડકા સર્જકને હાંસિયે મુકાઈ જવું પડ્યું છે ત્યારે એક બળૂકી પ્રજા તરીકે ગુજરાતીઓએ એમની ભાષા અને સાહિત્યની વહારે ધાવાનો વખત પાકી ગયો છે. સાહિત્ય પરિષદ જેવી સંસ્થાઓ એટલા સારું પણ ટકે અને વૃદ્ધિ પામે તે જરૂરી છે.

વ્યક્તિત્વ વિકાસ ચર્ચામંચ કાર્યક્રમ સંપન્ન

ગાંથીનગર, તા. ૨૬

કલોલ તાલુકાની પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થા 'શેઠ એચ.એમ. સાર્વજનિક હાઈસ્કૂલ-સોજા' અને જહોનસન એન્ડ જહોન્સન લિમીટેડ, અમદાવાદના સંયુકત ઉપક્રમે વ્યક્તિત્વ વિકાસ ચર્ચામંચ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. 'ઉડાન' અભિયાન અંતર્ગત સદર શાળાની ધો-૬ થી ધો-૧૨ સુધીની ૨૫૦ થી વધુ બાલિકાઓને મૂંઝવતી સમસ્યાઓના નિરાકરણ હેતુથી આયોજિત સદર કાર્યક્રમમાં જાતીય લક્ષણોમાં થતા ફેરફારો, સંક્રાતિ અવસ્થામાં ધ્યાનમાં રાખવાની બાબતો, સકારાત્મક વિચાર, સ્વચ્છ ત્વચા, સ્વસ્થ તન-મન, વ્યક્તિત્વ સ્વચ્છતા, શારીરિક સ્વચ્છતા, વાતચીત કળા, શિષ્ટાચાર, વેશભૂષા-પહેરવેશ વગેરે મુદ્દાઓની વિગતવાર છણાવટ કરવામાં આવી હતી. સંસ્થાના ઉદઘોષક હિમાની નાટીયા અને સહાયક રેશ્માબેન દ્વારા જૂથચર્ચા-પ્રશ્નોત્તરી અને દસ્તાવેજી ચિત્ર નિદર્શન કરવામાં આવ્યું હતું. શાળાની અધ્યેતા બહેનોને સુંદર-સહજ માર્ગદર્શન તથા જ્ઞાનોપયોગી માહિતી પૂરા પાડવામાં આવ્યા હતા. જહોન્સન એન્ડ જહોન્સન સંસ્થા તરફથી યુવતીઓને સાહિત્ય-પ્રસાધન કીટનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું. શહેરી વિસ્તારની સાપેક્ષે ગ્રામ્ય વિસ્તારની કિશોરીઓમાં સવિશેષ સભાનતા-જાગૃતિ કેળવાય તે ઉદ્દેશ્યથી આયોજિત આ કાર્યક્રમ એકંદરે આવકાર્ય, અનુકરણીય, અભિપ્રેરક અને પ્રશંસનીય બની રહ્યો હતો.

કલોલ તાલુકાનાં દંતાલી ગામે શિવાશ્રમ ખાતે ૨૫ થી ૨૭ ડિસેમ્બર દરમિયાન N.S.S. અમદાવાદ તરફથી N.S.S. કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. (તસવીર : કશ્યપ નિમાવત)

અક્ષરધામ ખાતે 'અતીત અને વર્તમાન' વિષય પર વ્યાખ્યાન યોજાશે

આર્ષ સંશોધન કેન્દ્ર દ્વારા હરિમંદિર અક્ષરધામ ખાતે 'શ્રી ભકતરાજ જોબનપગી-અતીત અને વર્તમાન' વિષય પર વ્યાખ્યાન તા. ૨૮ ડિસેમ્બર શનિવારે સાંજે ૪.૩૦ કલાકે હરિમંદિર હોલ અક્ષરધામ ખાતે યોજવામાં આવશે. કાર્યક્રમમાં લૂંટારામાંથી ભકત થયલ વ્યકિતઓને માણવા મળશે. તેમજ વિદ્વાન અને અનુભવી વકતાઓ સત્ય અને જીવંત કથનીઓ કહેશે. શહેરીજનોને પધારવા આમંત્રણ આપવામાં આવ્યું છે.

કલોલની પ્રગતિ પ્રાથમિક શાળાનો શૈક્ષણિક પ્રવાસ

કલોલ, તા.૨૬

કલોલ ખાતે આવેલ શ્રી સર્વોદય ઉત્કર્ષ ટ્રસ્ટ સંચાલિત પ્રગતિ પ્રાથમિક શાળા દ્વારા શૈક્ષણિક પ્રવાસ યોજાયો હતો. આ પ્રવાસ દરમિયાન બાળકોને સૂઈ ગામ નડાબેટ ખાતે જોગેશ્વરી માતા, વરાણા ખોડીયાર માતા, કુણા ઘરે ચુડેલમાતા જેવા ધાર્મિક સ્થળો ઉપરાંત મોઢેરા ખાતે સૂર્યમંદિર અને શંખલપુર બહુચરાજી ખાતે બહુચરાજી માતાના મંદિરે મુલાકાત લીધી હતી.

ગાંધીનગર મેડીકલ સોસાયટી અને નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા

અંધશ્રધ્ધા નિર્મૂલન અને ચમત્કારોનો પર્દાફાશ કાર્યક્રમ

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર મેડીકલ સોસાયટી તેમજ નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા રેશનલ સમાજના સહકારથી તા. ૨૯મી ડીસેમ્બરે રવિવારે તા. ૩ વાગે સેકટર-૨ ૩માં કડી કેમ્પસમાં આવેલ નાથીબા કોલેજ હોલ ખાતે 'અંધશ્રધ્ધા નિર્મૂલન અને ચમત્કારોનો પર્દાફાશ' કાર્યક્રમ આયોજિત કરાયો છે. લોકોમાં પ્રવર્તી રહેલી અંધશ્રધ્ધાઓ અને ઢોંગી-ધુતારાઓ દ્વારા દેખાડાતા ચમત્કારોમાં ભોળવાઈ શિકાર બનવાનું વધી રહ્યું છે ત્યારે આ પ્રકારના કાર્યક્રમો દ્વારા લોકોને ચમત્કારોનો પર્દાફાશ કરી તેમની અંધશ્રધ્ધા દૂર કરવાનો પ્રયાસ કરવામાં આવનાર છે. આ પ્રસંગે નિસર્ગ સાયન્સ સેન્ટરના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. અનિલ પટેલ, મેડીકલ સોસાયટીના ડૉ. પ્રદીપ ભાવસાર અને રેશનલ સમાજના ભાનુપ્રસાદ પુરાણી વગેરે હાજર રહેશે.

શ્રી લિંબચ પરિવારનો સ્નેહ મિલન અને તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ

ગાંધીનગર, તા.૨૬

શ્રી લિંબચ પરિવાર સેકટર-૨ ગાંધીનગરનો નવમો સ્નેહમિલન અને તેજસ્વી તારલાઓનો સન્માન કાર્યક્રમ તા. ૨૯ ડિસેમ્બર રવિવાર સવારે ૯.૩૦ કલાકે શ્રી ચેહર માતાજીનું મંદિર ઘ-૧ સે-૩ ખાતે યોજવામાં આવશે.

લિંબચ પરિવાર દ્વારા નવમા સ્નેહમિલનમાં સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓ, સરકારમાં બઢતી મેળવેલ અને વય નિવૃત્ત વડીલોનું સન્માન તેમજ પરિવારની કારોબારીના હોદ્દેદારોની વરણી કરવામાં આવશે. સમારંભમાં અતિથિ વિશેષ તરીકે જયરામભાઈ નાયી નિવૃત્ત ઉપ સચિવ, સહિત સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહેશે. સ્નેહમિલન સમારંભમાં શહેરમાં વસતા લિંબચ પરિવારના જ્ઞાતિજનોને ઉપસ્થિત રહેવા રાજેન્દ્રકુમાર પારેખ ઉપપ્રમુખ અને પ્રચારકે જણાવ્યું છે.

ગાંધી મિત્ર વર્તુળ, ગાંધીનગર દ્વારા ગાંધીજીવન દર્શન વિશે વાર્તાલાપ

ગાંધી મિત્ર વર્તુળ ગાંધીનગર દ્વારા આજ રોજ શુક્રવાર સવારે ૭.૩૦ કલાકે જે.એમ.ચૌધરી કન્યા વિદ્યાલયની વિદ્યાર્થીનીઓ સાથે જાણીતા સાહિત્યકાર ભાનુપ્રસાદ પુરાણી દ્વારા 'ગાંધીજીવન દર્શન' વિશે વાર્તાલાપ કરવામાં આવશે. માધ્યમિક વિભાગની વિદ્યાર્થીનીઓને ગાંધીજીની આત્મકથા પુસ્તક ભેટ સ્વરૂપે આપવામાં આવશે.

હરિની દૃષ્ટિ...

અરે, હું આમ આદમી ખરો પણ, તમે સમજો તેવો નહીં..., હું તો કોર્પોરેશનનો સફાઈ કામદાર છું...!!

ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત મહાદેવ દેસાઈ શારીરિક શિક્ષણ મહાવિદ્યાલય સાદરામાં યોજાયેલ પશ્ચિમ ઝોન, આંતર યુનિવર્સિટી સ્પર્ધામાં ગૂજરાત વિદ્યાપીઠની ખો-ખો મહિલા ટીમે ગુજરાત તરફથી પ્રથમ વખતે ઈન્ટર ઝોનલ સ્પર્ધા માટે કવોલીફાઈડ કરી વિક્રમ સર્જયો હતો. કવોલીફાઈડ ટીમ એસ.આર.ટી.એમ. નાન્દેડને એક તરફી મુકાબલામાં એક ઈનિંગ્સ અને ૬ પોઈન્ટથી હરાવી ઈન્ટર ઝોનલ સ્પર્ધા મેંગ્લોર માટે કવોલીફાઈ થયા. અન્ય મેચોમાં મુંબઈ યુનિ.એ એસ.એન.ડી.ટી. મુંબઈ યુનિ.ને હરાવી, શિવાજી કોલ્હાપુર યુનિ.એ સોલાપુર યુનિ.ને હરાવી, પુને યુનિ.એ સરદાર પટેલ યુનિવર્સિટીને હરાવી ઈન્ટર ઝોનલ સ્પર્ધા મેંગ્લોર માટે કવોલીફાઈડ થયા. અગાઉની મેચોમાં પણ ગૂજરાત વિદ્યાપીઠે જયોતિ મહિલા વિદ્યાપીઠ જયપુરને ૧ ઈનિંગ્સ ૧૭ પોઈન્ટ અને કડી સર્વ વિશ્વ વિદ્યાલય ગાંધીનગરને ૧ ઈનિંગ્સ ૨૨ પોઈન્ટથી હરાવ્યા હતા. ગૂજરાત વિદ્યાપીઠ તરફથી અંજના વસાવા, અમીષા ગામીત, મનીષ ગામીત અને મનીષા ચૌધરીએ આખી સ્પર્ધામાં ઉત્તમ દેખાવ કર્યો. ગૂજરાત વિદ્યાપીઠની જીતમાં કોચ સ્નેહલ પટેલની મુખ્ય ભૂમિકા રહી. ગૂજરાત વિદ્યાપીઠની આ ઐતિહાસિક જીત માટે પ્રો. જમનાદાસ સાવલિયા, ડૉ. ઉદાજી પરમાર અને ડૉ. ગીતાબહે પટેલે ટીમને શુભેચ્છા આપી. ગૂજરાત વિદ્યાપીઠની ટીમ આવતી ૩-૧-૨૦૧૪ થી ૭-૧-૨૦૧૪ સુધી રમાતી ઈન્ટર ઝોનલ સ્પર્ધા મેંગ્લોર ખાતે ભાગ લેશે.

આધ્યાત્મિક, સ્વાશ્રયી, પ્રેમાળ, નિજાનંદી અને નિઃશુલ્ક સંગીત પીરસનાર પ્રવીણભાઈ એ ગાંધીનગરનું ગૌરવ છે

કેફિયત કલા સાધકની

આશા સરવૈયા

વાંસળી વગાડતો કાનુડો...
વાંસળી વગાડતા કાનુડાની છબી જોતાં જ
આપણે મથુરા-વૃંદાવનમાં પહોંચી જઈએ. જમુનાના કાંઠે વાંસળી વગાડતો કાનો આપણને દર્શન આપે ખરો? એ બંસરીનો નાદ કેટલો રોમાંચિત હશે? એ દૃશ્ય કેટલું મંગળકારી અને ભાવવાહી હશે?
અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ
જુજવે રૂપ અનંત ભાસે
દેહમાં દેવ તું, તેજમાં તત્વ તું
શૂન્યમાં શબ્દ થઈ વેદ ભાસે...

આવી શ્રીકૃષ્ણ જયારે વાંસળી વગાડે ત્યારે સંગીતના સુર અને ભાવમાં સમગ્ર બ્રહ્માંડ સંમોહિત થઈ ઉઠે. આજે એક કૃષ્ણભક્ત કલાકાર અને બંસીધર કૃષ્ણના પ્રતિક સમી વાંસળી વગાડનારા ગાંધીનગરના વરિષ્ઠ કલાકાર પ્રવીણભાઈ પારેખના પરિચય મેળવીએ.

પિતાજીનો જ નહીં, દાદાજીનો પણ સંગીતનો વૈભવ અને વારસો પારણામાંથી મેળવેલા પ્રવીણચંદ્ર ગોવિંદલાલ પારેખ (વતન, જન્મ-મોરબી) તા. ૧૦ ફેબ્રુઆરી, ૧૯૪૫ના રોજ જન્મેલા પ્રવીણભાઈ તેમના ચાર ભાઈઓ અને ત્રણ બહેનો- સમગ્ર કુટુંબ સંગીત વારસાથી લથબથ. પ્રવીણભાઈનું પ્રાથમિક શિક્ષણ મોરબી ખાતે. આઠમી ગુજારતી પાસ પ્રવીણભાઈને સંગીતનું ગજબનું આકર્ષણ. પિતા ગોવિંદભાઈ ખૂબ સારા ભજનિક. પિતાજીની સાથે સાથી પ્રવીણભાઈ પણ સુંદર કંઠ વડે ભજનો વિગેરે રજૂ કરે અને ચાહના મેળવે. માત્ર સાત વર્ષની ઉંમરથી જ પ્રવીણભાઈ મોરબીમાં ભજનો, દુહા, છંદ, ગરબા વગેરે કોમળ કંઠ અને સુંદર ગાયકીથી રજૂ કરીને ઉપસ્થિત શ્રોતાજનોને મંત્રમુગ્ધ કરી દેતા.

૧૯૬૬માં પ્રવીણભાઈને ગુજરાતના વિદ્યુતબોર્ડમાં હેલ્પર તરીકે નોકરી મળતાં પ્રવીણભાઈ મોરબીથી ધૂવારણ પહોંચી ગયા. પરિવારનો પરંપરાગત સોનીનો વ્યવસાય છોડીને કલાકાર પ્રવીણભાઈએ નોકરી સ્વીકારી. ધૂવાવરણમાં નોકરી સાથે મનગમતી પ્રવૃત્તિ શરૂ કરી દીધી. ધીરે ધીરે કોલોનીના વાર્ષિકોત્સવની જવાબદારી પ્રવીણભાઈના શિરે જ આવવા માંડી. નવરાત્રીમાં તો લોકોનીમાં માતાજીની સ્તુતિ, ગરબા વિગેરે ગવડાવે અને ચાહના મેળવે. ધુવારણ કોલોનીના અનેક વિદ્યાર્થીઓને , બાળકોને યુવક મહોત્સવ, શાળાકીય સ્પર્ધાઓ માટે અને સંગીત સ્પર્ધાઓ માટે તૈયાર કરાવે અને કોલોનીના બાળકો ઈનામો મેળવે એટલે સમગ્ર કોલોનીમાં ખુશીનું મોજું ફરી વળે.

પ્રવીણભાઈ એક અચ્છા ગાયક હોવાની સાથે હાર્મોનીયમ, તબલાં અને પોતાને પ્રિય વાંસળી પણ મધુર વગાડે. ગાવાની સાથે કયારેક તબલાં, હાર્મોનીયમ અનેકયારેક વાંસળી વગાડીને લોકોને સંમોહિતની લગાવી દેતા. ૧૯૭૨માં રાજકોટના વતની વીણાબેન સાથે પ્રવીણભાઈ લગ્નગ્રંથીથી જોડાયા. વીણાબેન પણ સંગીતના પ્રેમી તથા જાણકાર હોવાથી ધૂવારણમાં સ્થાયી થયા બાદ તેઓ પ્રવીણભાઈની સંગીત સફરના સાચા હમસફર બની રહ્યા.

ગુજરાત વિદ્યુત બોર્ડ દ્વારા યોજાતી ઈન્ટર સર્કલ સ્પર્ધામાં ગાયન સ્પર્ધામાં ૪૦૦ જેટલા હરીફ કલાકારોમાં ત્રણ-ત્રણ વખત પ્રથમ નંબર મેળવીને નામના પ્રાપ્ત કરી. એ સાથે જ વાદન સ્પર્ધામાં પણ બાંસુરીના સુમધુર સુર રેલાવીને પ્રથમ ઈનામ મેળવ્યું અને આમ ઈનામોની જુગલબંધી હાંસલ કરી. પ્રવીણભાઈ પોતાની સુંદર ગાયકી વડે આકાશવાણી બરોડા પર દસ વર્ષ સુધી શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્તા રહ્યા. પ્રોગ્રામ ડાયરેકટર જયદેવભાઈ ભોજકની પ્રીતિ અને પ્રશંસા પ્રાપ્ત કરતા રહ્યા.

પ્રવીણભાઈએ બઢતી માટે જરૂરી હોવાથી ૧૯૭૭માં બોરસદ કેન્દ્ર પરથી એસએસસીની પરીક્ષા પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ કરી. નોકરી સાથે સંગીત સફર તો ઉડાન ભરતી જ રહી. ધુવારણ ખાતે પ્રવીણભાઈ અને વીણાબેન સાથે વૈષ્ણવ ભજન મંડળમાં જાય અને ભજન સત્સંગ કરાવે. સાચા અર્થમાં વૈષ્ણવ ધર્મ પાળતા પ્રવીણભાઈ રસખાન, સુરદાસ તથા કૃષ્ણ ગીતો ગાવા માટે ખૂબ જાણીતા બન્યા. યમુના મહારાણીની ભક્તિ કરે અને ભજન ગાયક તરીકે સારી પ્રસિદ્ધિ મેળવી. પુસ્તક માંથી નહીં પરંતુ મસ્તકમાંથી ગાવામાં માનનારા ભાવવાહી ગાયક પ્રવીણભાઈની પુત્રી રૂપલ, પુત્ર રાજેશ અને અંરીશ બાળવયથી જ પિતાને સંગીતમાં સંગત આપે. વૈષ્ણવ મંડળમાં આ ત્રણે બાળકો ધૂન

બોલાવે અને મંડળના ભકતો ભક્તિરંગમાં રંગાઈ જાય.

કશાય આડંબર કે દેખાડા વિના, કશાયે પ્રચાર-પ્રસારના ઢોલ, નગારા વગાડ્યા વિના નિજાનંદ માટે પ્રવીણભાઈ શ્રવણવિદ્યાની સહાય વડે સંગીતનું જ્ઞાન મેળવતા અને વધારતા ગયા. વળી ગાયકી સાથે જ તબલાં, હાર્મોનિયમ અને વાંસળીવાદનમાં પારંગતતા મેળવતા ગયા.

૧૯૮૮માં પ્રમોશન સાથે પ્રવીણભાઈ ગાંધીનગરની જી.ઈ.બી. ખાતે આવ્યા અને ગાંધીનગરવાસી બન્યા. જીઈબી કોલોનીમાં પ્રવીણભાઈ અને તેમનું સમગ્ર કલાકાર પરિવાર સંગીત બેઠકો કરતાં. નારાયણ સ્વામી, સુરદાસ, પાનબાઈ કે નરસિંહ મહેતાના ભજનો, કબીરના દોહા-ચોપાઈ, દેવદેવીઓની સ્તુતિ જ નહીં પરંતુ ગઝલ ગાયકીમાં પણ અવ્વલ પ્રવીણભાઈ બખુબી ગઝલો રજૂ કરે. ગુલામઅલી, જગજીતસિંઘ, મહેદી હસન, પંકજ-મનહર ઉધાસ, વિગેરેની અને બેગમ ફરીદા ખાનુમની 'આજ જાને કી જીદના કરો... યહીં પહેલું મેં બેઠે રહો..', પ્રવીણભાઈના કંઠે સાંભળવીએ એક લ્હાવો છે.

દરેક કલાકારમાં કોઈને કોઈ ખૂબી હોય જ છે. નિજાનંદી કરત તો અનેક પ્રોફેશનલ કાર્યક્રમો રજૂ કરીને કીર્તિ અને કલદાર મેળવી શકયા હોત પરંતુ આ ઓલીયા કલાકારની પદ્ધતિ નિરાળી છે. છેલ્લા ૧૮ વર્ષથી ગાંધીનગરની સ્મશાનભૂમિ (મુક્તિધામ) ખાતે અંધારી અમાસની રાત્રીએ તેઓ સંગીતની ધૂણી ધખાવે છે. ખારા રણમાં મીઠી વીરડી સમાન પ્રવૃત્તિ કરનારા પ્રવીણભી અને પરિવાર દ્વારા અંતિમધામમાં ગીત-સંગીતની જમાવટ થયા. મૃતાત્માઓને સ્વરાંજલિ અર્પવા અને અડોશ-પડોશની ચિંતા રાખનારા નિજાનંદી કલાકાર પ્રવીણભાઈએ સ્ટેજ તરીકે સ્મશાનભૂમિ પર પસંદગી ઉતારી. આ ખરેખર ઉત્તમ અને વંદનીય પ્રવૃત્તિ છે.

પ્રવીણભાઈ સાથે ઋષિભાઈ શ્રીમાળઈ અને ચંદ્રકાન્તભાઈ પંડ્યાનો સતત સથવારો. વીણાબેન અને પુત્રી રૂપલ (મંજીરા) અને પુત્ર રાજેશ પારેખ તબલાં સંગત આપે છે. પ્રવીણભાઈ માને છે કે વૃત્તિ અને પ્રવૃત્તિ પવિત્ર હોય તો જરૂર જગદંબાની કૃપા થાય છે. માની મહેર પામેલા પ્રવીણભાઈએ શાસ્ત્રીય સંગીતની પણ આપમેળે ઉપાસના કરીને કલા ગ્રહણ કરી છે. વાંસળી વાદન પણ વર્ષોથી તાલીમ લીધા વિના જ સ્વયંપણે શીખી તેમાં પારંગતતા પ્રાપ્ત કરી છે.

પ્રવીણભાઈ દર વર્ષે કારતક વદ અમાસની રાત્રીએ નવ વાગ્યાથી સ્મશાનમાં હનુમાન ચાલીસા અને મા ભગવતીની સ્તુતિથી બેઠકનો પ્રારંભ કરે. બેઠકમાં સંતવાણી, ભજન, દુહા-છંદ, લોકગીતોની સરવાણી વહેતી થાય, ગીત-ગઝલોનો દોર પણ શરૂ થાય અને પ્રવીણભાઈની વાંસળીના મીઠાં સુર સ્મશાન જાગે છે... દુર્ગા રાગ, જયવંતી, જપતાલ અનેક રાગ-રાગીણીઓ સાથે છેલ્લા પ્રહરે પ્રભાતિયા સાથે મહેફિલનું સમાપન થાય. પ્રવીણભાઈના પરિવારના પાંચ-સાત સભ્યોની હાજરીથી શરૂ થયેલી બેઠકમાં બસોથી વધારે ગાંધીનગર વાસીઓ સ્નેહીજનોની હાજરી હોય છે. જે ખરેખર અભિનંદનીય છે. અને બેઠક દરમ્યાન મળસ્કે ચા-નાસ્તો તો ખરો જ. આખી બેઠકની વ્યવસ્થામાં એમ.એન. સોલંકી, અશોકભાઈ શર્મા, નીતીન ગજ્જર, સુભાષ વાઘેલા, રોહિત દરજી, જનક- ચાવાળા મહેશભાઈનો હંમેશા અમુલ્ય ફાળો રહ્યો છે.

પ્રવીણભાઈના પ્રિય ભજનો- નારાયણ સ્વાનું, જહાં મેરે અપને સીવા કુછ નાહી, મુજે મેરી મસ્તીં કહાં લાઈ.. કે માની સ્તુતિ 'હે જગજનની હે જગદંબા માત ભવાની શરણે લે...' વગેરે વિવિધ રાગમાં પ્રવીણભાઈ સુપેરે રજૂઆત કરી શકે છે. તો કોઈ રાગને સમજાવવા ફિલ્મી ગીતોનો આધાર લઈને બખુબી ગીતો પણ રજૂ કરી શકે છે.

આ પરિચયમાં અગાઉ જણાવ્યું છે કે, સાત વર્ષની ઉંમરથી જ પ્રવીણભાઈએ ગાવાની શરૂઆત કરી હતી. હાલમાં તેમની સાત વર્ષની પૌત્રી રાજવીએ ગાવાની તાલીમ લેવાની શરૂઆત પેઢીથી ચાલ્યો આવતો કુટુંબનો સંગીત વારસો પ્રજવલ્લિત જ રહેશે તેની પ્રતિતિ કરાવી છે.

આધ્યાત્મિક, સ્વાશ્રયી, પ્રેમાળ, નિજાનંદી અને નિઃશુલ્ક સંગીત પીરસનાર પ્રવીણભાઈએ ગાંધીનગરનું ગૌરવ છે. ગાંધીનગરના પાદરે, ઉર્જાનગરમાં પ્રવેશ કરો એટલે સ્મશાનમાં ગાતા-વગાડતા દાદાને સૌ ઓળખે. પૌત્રીઓને સંગીત શીખવતા દાદા, વાંસળીવાળા દાદા, ગાંધીનગરાઓના દાદાને પવિત્ર પ્રવૃત્તિ કરવા બદલ અનેક વંદન...